# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

ભીડ સાથે ચાલવાનું, આપણાથી નહિ બને,
ને બધાં જેવાં થવાનું, આપણાથી નહિ બને.

આપણું અળગા થવું મંજૂર રાખું પણ તને,
કાળજેથી કાપવાનું, આપણાથી નહિ બને.

જલન માતરી

## પાથેય

- રમેશ ઠક્કર

### ભીતરનું હોકાયંત્ર

અસહમત થવાની કળા બધાને હસ્તગત હોતી નથી..મોટાભાગે લોકો સમૂહમાં જીવે છે..આંધળો સસરોને સરગંટ વહુ,કથા સાંભળવા ચાલ્યું સહુ..એવું કહેનાર અખાએ આપણી આ મર્યાદા વિશે સરસ ચાબખો માર્યો છે..માણસ ના પાડતાં નથી શીખતો એ એક ટોળાનો હિસ્સો બની જાય છે..અને એટલે જ પછી આંખનું કાજળ ગાલે ઘસવા જેવા કરૂણ રમુજી બનાવો બનતા રહે છે..વાતવાતમાં સંમતિ બતાવનાર માણસની મતિ સમજવા જેવી હોય છે..એવા લોકોની સમજણની કેટલીક સીમાઓ હોય છે.કોઇકની સાથે કોઇક વાતે અસહમત થવા માટે પુરતા સજ્જ હોવું જરૂરી છે..જેમ ક્ષમા એ શૂરવીરનું આભૂષણ છે એમ જ અસહમતી એ આવડતનું હીર છે..એટલે જ કવિ ખુમારીથી કહે છે કે ભીડ સાથે ચાલવાનું આપણાથી નહીં બને..આવી ચીડ માણસ કયારે વ્યક્ત કરી શકે ? એ જયારે કશુંક પામી ગયો હોય..એની પાસે પોતાનો કોઇ ઉકેલ હોય..જો આવું ના હોય તો માણસ અને ઘેટાંઓમાં ફરક રહેતો નથી..ભીડ સાથે ચાલવું એટલે કશું જ સમજયા વગર કે કોઇ તજુરબા વગર કોઈપણ બાબતે સંમત થઈ જોડાઇ જવું..એમાં બીજા જેવા જ દેખાવાનું કે કોઇકના પ્રભાવ હેઠળ જીવવાનું પરિબળ મુખ્ય છે..માણસ જો બીજાની સાથે સરખામણી કરવાનું બંધ કરી અન્ય જેવા થવાનું માંડી વાળે તો જ એની અંદરની શકિતઓ બહાર આવતી હોય છે..જેની સુષુપ્ત શકિતઓ બહાર આવી જાય છે એ વ્યકિત જ મક્કમતાથી ટોળાથી દૂર રહેવાનો નિર્ણય કરી શકે.

આજનો માહોલ એવો છે કે માણસ જાતે જ કોઇ રસ્તો શોધવાનું જાણે ભૂલી ગયો છે..જીવનની દિશા શોધવાનું અજાયબ હોકાયંત્ર આપણી અંદર જ મોજૂદ હોય છે..આપણે ભાગ્યે જ એનો ઉપયોગ કરીએ છીએ..આપણી દિશા કોઇક બાહય ઉપકરણો થકી જ નકકી થતી રહે છે..આવા સંજોગોમાં આપણી આસપાસ એક જ જેવા લોકોનો સમૂહ..એક જ ટાઇપના વિચારો કે એક જ પ્રકારની જીવનસમજણ જોવા મળે છે..આપણી સામે કોઇને કોઇ ચીલો પથરાયેલો હોય છે..આપણી માન્યતાઓ કે આપણા માપદંડોનો એક ખીલો આપણને બાંધી રાખે છે..મોટાભાગે આવા જડ ખીલાથી શુષ્ક ચીલાની સફર સુધી જ આપણું જીવન વિસ્તરતું રહે છે. ગતાનુગતિક આ રીતભાતની તોડી અલગ રાહ ચીતરવા લોકોની વાત જુદી છે..આનો અર્થ એવો નથી કે કોઇપણ બાબતે અલગ પડવાથી જ યોગ્ય રેસ મળે છે. માણસ ભલે કોઇ સંબંધ કે વિચારથી બાહય રીતે અલગ પડે કે આગળ વધે..એના દિલમાં એનો એક તંતુ હંમેશાં જીવંત હોય છે..એક વિચારની ધરાશય થતી ઇમારત ઉપર જ બીજા વિચારનો વિસ્તાર થતો રહે છે.

આપણે જયારે એકલા પડીએ છીએ ત્યારે આપણી ભીતર એક નવું જ જગત ઉઘડતું હોય છે..આપણી સાથે સતત કોઇ શકિત હોવાનો અહેસાસ થતો રહે છે..રહસ્યવાદ કદાચ આમાંથી જ આવ્યો હશે..ઘણીવાર એવો પ્રશ્ન થાય કે માણસને જિવાડનારું ચાલકબળ કયું હશે? સિગમંડ ફ્રોઇડ માણસની કામવૃતિને પ્રેરક માને છે તો કાર્લ જુંગ નામનો મનોવિજ્ઞાની ખોરાક એટલે કે ભુખને માનવીય વર્તન માટે મુખ્ય ગણે છે..કોઈકના મતે સત્તા મેળવવાની વૃત્તિ આપણા જીવવાનું ચાલકબળ છે..પણ કોઇક અદીમ તત્વની શોધ એ કદાચ આપણા જીવનનું રહસ્ય છે.

આપણે બધું બહારના કોલાહલમાં શાતા શોધીએ છીએ...પણ આપણી ભીતર એક શાંત કોલાહલ ચાલતો હોય છે..એનો લય પકડાય તો સમજાય કે હકિકતમાં આ જગતમાં જે કાંઇ ઐશ્વર્ય છે એ આપણી ભીતર જ ભરેલું હોય છે.

# કોંગ્રેસ માટે કપરાં ચઢાણ, ‘આપ’ ના હવાઈ કિલ્લા

**તંત્રીસ્થાનેથી...**

ચૂંટણી જબરી માયાવી ઘટના હોય છે. કહેવત છે કે જે જીત્યો તે સિકંદર ! વળી બીજી એક કહેવત પણ છે : એવરી થિંગ ઈઝ ફેર ઈન લવ એન્ડ વૉર. પ્રેમ અને યુદ્ધમાં નૈતિક ધારાધોરણો લાગુ નથી પડતાં. પરિણામે મેળવવા માટે ગમે તેવું ફૂડકપટ અને જુઠ્ઠાણું ચલાવવું પડે તોય જાયજ છે. છોકરો છોકરીના પ્રેમમાં પડે ત્યારે એનો ઢોલ નથી પીટતો. છોકરી તો ધરાર જૂઠું જ બોલશે અને પછી એક દિવસ રાત લઈને ભાગી જશે. રાજાશાહી અને લોકશાહીમાં ફરક હોય તો એટલો જ કે રાજાશાહી વખતે રાજ ખટપટ વારસદારો પૂરતી મર્યાદિત રહેતી, લોકશાહીમાં એ છેક અંતરિયાળ ગામડાં સુધી પહોંચી ગઈ છે. ચૂંટણીએ ગામેગામ જૂથબંધી વકરાવી છે અને બે ભાઈઓ કે બે જાતિઓ કે બે ધર્મસંપ્રદાયો વચ્ચે વેર બંધાવ્યા છે. લોકશાહીમાં રાજકીય પાર્ટીઓ લડતી હોય છે. પાર્ટીઓ વચ્ચે પાછા પક્ષપલટાના કારસા થતા રહે છે. દેશની આઝાદીનાં પોણો સો વર્ષો પછી આપણે એવી વિકટ અને વિષમ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ કે એની જલ્દી કળ વળવી મુશ્કેલ છે. મતદાતા કહેવાય તો છે એક દિવસ પૂરતો રાજા; પરંતુ પાંચ વર્ષના શાસકને ચૂંટણી વખતે એ એવો તો મૂંઝાયેલો હોય છે કે પોતે ખરેખર સાચું કહી રહ્યો છે કે ખોટું એનુંય એને ભાન કે સંજ્ઞાન નથી રહેતું. રાજકીય પાર્ટીઓના નેતાઓને પોતાની પાર્ટી સિવાયના બધા જ ભ્રષ્ટાચારી, નકામા અને દેશદ્રોહી લાગતા હોય છે. ગુલામનબી આઝાદ ગાંધી પરિવાર સાથે દૂધમાં સાકરની જેમ ભળી ગયેલા નેતા હતા. ઉપેક્ષા એ હદે થઈ કે એમને પાર્ટી છોડવી પડી છે અને જમ્મુ-કાશ્મીર પૂરતી પ્રાદેશિક પાર્ટી રચીને મોદી-શાહના સમર્થનથી મુખ્યમંત્રી બનવાનું સપનું સેવવા લાગ્યા છે. એ સપનું સાકરા જ થશે એમ કહેવું કસમયનું છે. પક્ષપલટો પરિવારવાદ વિરુદ્ધ નિવેદનો ઝીક્યાં માંડ્યા છે. રાહુલને શ્રદ્ધાપૂર્વક વળગી રહેનારાઓને હવે ગુલામનબીના ‘ડીએનએ’માં ખામી વરતાવા લાગી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસની હાલત સાવ જ ડામાડોળ છે. ‘સર્વોચ્ચ નેતા’ ગણાતા અહમદ પટેલના કસમયના નિધન પછી એમના જૂથના શક્તિસિંહ ગોહિલ કેન્દ્રમાં ગુજરાત કોંગ્રેસના એક માત્ર નેતા રહ્યા છે. કોંગ્રેસનું ઘર ગોઠવાય એ પહેલા ઘરના કાંગરા ખરવા લાગ્યા છે. નેતાઓ ડૂબતું જહાજ છોડીને ભાગતા ઉંદરોની જેમ નાસભાગ કરી રહ્યા છે. પ્રદેશ પ્રમુખ પાટીલે પક્ષ-પલટુઓને પાર્ટીમાં નહીં લેવાની બડાશ હાંકી હતી પણ સગા હાથે કેસરી ટોપી અને ખેસ પહેરાવી આવા બળવાખોરોને સત્કારવાની ફરજ પડે છે. કોંગ્રેસમુક્ત ગુજરા જેવી પરિસ્થિતિ સર્જવામાં મોદીન અજાણતાં જ કેજરીવાલ પણ મદદ કરી રહ્યા છે. તેઓ કોંગ્રેસની બેઠકો પર વધુ ને વધુ જોર લગાવી રહ્યા છે. કોંગ્રેસને ખતમ કરીને જ ભાજપનો વિકલ્પ બની શકાશે એવા ખ્યાલ સાથે કેજરીવાલ અને મનીષ સિસોદિયા આકાશપાતાળ એક કરી રહ્યા છે. અને ઘેર ઘેર ફરીને મતદાતાઓને ‘ગેરંટી કાર્ડ’ આપી રહ્યા છે. અદાલતને આ ‘મફતમાં આપીશું’ વાળી લ્હાણી સામે વાજબી વાંધો છે પરંતુ એ રાજકીય પાર્ટીઓને આવી લહાણી વહેંચતાં રોકી શકતી નથી. વચનેષુ કિં દરિદ્રતા અત્યારે તો વાડીનાં રીંગણાંની જેમ વચનો વહેંચાઈ રહ્યા છે. ભાજપ સામે વિપક્ષને એક મંચ પર લાવવા માટે મમતા બેનરજી મથે છે, શરદ પવારે કચાશ રાખી નથી અને હવે મોદીના ખોળામાં માથું મૂકીને બિહારની ગાદી સાચવી લેનારા નીતીશકુમાર જંગે મેદાનમાં આવી ગયા છે પરંતુ કૂતરાંનો સંઘ કાશીએ પહોંચ્યો જાણ્યો ? કેજરીવાલ અને કોંગ્રેસ વચ્ચે, માયાવતી અને અખિલેશ વચ્ચે કે દક્ષિણમાં કેરળના સામ્યવાદીઓ અને કોંગ્રેસ વચ્ચે નીતીશકુમારની એક મંચ વાળી અપીલ કેટલી ચાલશે ? કોંગ્રેસ એનું ખોવાયેલું વજૂદ પાછું મેળવવા ધમપછાડા કરતી રહેશે, ભાજપ કોંગ્રેસીઓને કેસરિયા ખેસ પહેરાવતું રહેશે અને કેજરીવાલ મોદીનો વિકલ્પ બનવાનાં દિવાસ્વપ્નો જોતા રહેશે. સીબીઆઈ ઈડીના - ઈન્કમટેક્સના દરોડા પડતા રહેશે, ચેનલો વેચાતી રહેશે. પત્રકારો ખરીદાતા રહેશે. આખરે ઘીના ઠામમાં ઘી પડી રહેશે !

# એડજસ્ટમેન્ટ...



**રંગ અને વ્યંગ**
**અનંત પટેલ**

કોઈપણ ઉંમરલાયક છોકરા કે છોકરીને તમે એને કેવા પાત્ર સાથે લગ્ન કરવાનું ગમશે એવો સવાલ પૂછો તો તરત જ -

- એ એકદમ સીરીયસ થઈ જાય અથવા,
- એ તમારી વાતને હસી કાઢી હજી તો બહુ વાર છે એમ કહી દે અથવા
- એ તો ભાઇ વિચારવું પડે, આ તો આખી જીંદગીનો સવાલ કહેવાય, એમાં કંઈ ઉતાવળે જવાબ ન આપી દેવાય..એવો પણ જવાબ મળે અથવા
- તમે જે નક્કી કરશો એ મારે તો ચાલશે એવો કે એના જેવા અનેક પ્રકારના જવાબો મળવાની શક્યતાઓ રહેલી છે.
- હવે જો કોઇ યુવતી અર્થાત છોકરી આ બાબતે વિચારે તો એના મગજમાં નીચે જણાવેલું બધું કે એમાંનુ થોડુ ઘણું અવશ્ય હોઇ શકે છે;
- એ સ્માર્ટ હોવો જોઇએ, કમાતો અને દેખાવડો હોવો જોઇએ,
- સિટિમાં જ રહેતો હોવો જોઇએ..
- એનું ખાનદાન મમ્મી પપ્પા વગેરેને પસંદ આવવું જોઇએ...
- એનો સ્વભાવ મને અનુકૂળ આવે એવો હોવો જોઇએ,
- હવે જો કોઇ છોકરો અથવા યુવક આ બાબતે વિચારે તો એના મનમાં આવું કશુંક અથવા બધું હોઇ શકે;
- એ એકદમ બ્યુટીફુલ, ગોરી અને પ્રમાણસર બોડી (સ્લિમ) વાળી જ હોવી જોઇએ..
- વિચારોમાં મોર્ડન અને બુધ્ધિશાળી હોવી જોઇએ..
- ભલે કમાતી ન હોય પણ સ્નાતક કે અનુસ્નાતક હોય તો સારુ,
- રસોઇ અને અન્ય સામાજિક વ્યવહારો બરાબર સાચવી શકે એવી હોવી જોઇએ...
- આમ તો આ બાબત એવી છે કે આમાં દરેક છોકરા કે છોકરીના વિચારો એની માનસિકતા, શિક્ષણ અને સંસ્કારને અનુરૂપ અલગ અલગ જ હોવાના...આમાં તમે કોઇ ફિક્સ આચાર સંહિતા બહાર ના પાડી શકો...
- હવે અમારું કહેવાનું એ છે કે મોટા ભાગના યુવકો કે યુવતીઓ આજના યુગમાં પોતે ઈચ્છતા હોય એવા પાત્ર સાથે લગ્ન કરતાં હોય છે તે છતાં લગ્ન પછી એમના ઉદગારો કંઈક આવા જ સાંભળવા મળે છે;
- અલ્યા ભઇ એ તો નસીબમાં જેવું મળવાનું લખેલું હોય એવું જ મળે...!!
- એ તો ભઇ પડ્યુ પાનુ નિભાવી લેવામાં જ મઝા...!!!!
- આ તમે જોતા નથી કોઈના જીવનમાં ક્યાં કશું મનનું ધાર્યુ થાય છે ?
- અલ્યા એ તો સ્ત્રીઓની જાત જ એવી , બધી એકની એક, તમારે જ એડજસ્ટ કરવું પડે..
- હવે જ્યાં મા બાપ કે વડીલોની ઈચ્છાને માન આપીને લગ્ન થયું હોય ત્યાંના ઉદગારો કેવા હોય એ જોઈએ;
- મેં પપ્પાને કહ્યું હતું કે મને એક વાર બરાબર જોવા દો, કશીક વાતચીત તો કરવા દો પણ ના, એ માન્યા જ નહિ ને હવે મારે આખી જીંદગી ભોગવવાનું...બોલો..
- ભાઈ મારે તો શાંતિ છે, બૈરી બરાબર કામ ના કરે તો બાપાને કહી દેવાનું કે તમે પસંદ કરીને વળગાડી છે તો હું શું કરું ??
- અલ્યા હાવ ગામડાનું અને ગાંડા જેવું છે ભટકાણું છે , ભઇ મારે તો છૂટા છેડા જ કરવા પડશે, પણ મારા બાપા એ ય ના કરવા દે એટલે હવે તો એડજસ્ટ કર્યા વગર છૂટકો જ નથી...
- હવે તમે જોશો કે લગ્ન છોકરો કે છોકરી પોતે પસંદ કરેલા પાત્ર સાથે કે પછી માબાપ અને વડીલો એ પસંદ કરેલા પાત્ર સાથે કરે છે પણ બંને ને માટે એક શબ્દ કોમન છે અને તે શબ્દ છે એડજસ્ટમેન્ટ
- અમને તો ભાઈ દરેકના લગ્ન જીવન માટે કોઈ મહાન શબ્દ લાગતો હોય તો એ છે "એડજસ્ટમેંટ " બોલો તમારે કંઇ જૂદુ કહેવું છે ??
- સુખી લગ્નજીવનનું બીજું નામ એટલે એડજસ્ટમેન્ટ...

મો-૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com

# ભાનભૂલી વેદનાઓને વલૂરી નાખવી; જ્વાલા ભલે ભડકી જતી, દિલમાં ઢબૂરી રાખવી.



**વિચારયાત્રા**
**ડો. જય ઓઝા**

જે હજી બન્યું જ નથી તેની ચિંતામાંથી આપણે ઊંચા આવતા નથી. એક રાત્રે ૨ વાગ્યે એક ભાઈ સફાળા ઊભા થઈ ગયા. તેમની પત્નીને જગાડીને કહ્યું કે, હું મરી જવાનો છું. એકાએક જ પતિની આવી વાત સાંભળી પત્ની કહે છે કે શું થયું ? હજી તો રાત્રે નિરાતે સુતા હતા. કઈ હતું નહીં. ત્યારે પતિ જણાવે છે કે, હું જે કાથીના પલંગમાં સુતો છું, તેનો પાયો તૂટી જાય, પલંગ નીચે મૂકેલી પેટી આપમેળે ખૂલી જાય, પેટીમાં રહેલી નાની સંદુક પણ ખૂલી જાય અને તેમા રહેલી આડી છરી ઊભી થઈ અને એ મને વાગી જાય તો હું મરી જઉં ને !

બસ આ જ મુશ્કેલી છે. અઘટીત અમંગળની એંધાણીમાં અટવાતા આપણે ચિંતા કરવાના બહાના જ શોધે રાખીએ છીએ.

કારમી ગરીબીથી ત્રાસી ગયેલા એક માણસને કોઈએ સલાહ આપી કે પરમાત્મા ખૂબ શક્તિસંપન્ન છે. તેમને પ્રાર્થના કર કે લોટરીનું ૧ કરોડનું ઈનામ એ તને આપે. એ માણસ તો બીજા દિવસથી પરમાત્માને પ્રાર્થના કરવાનું શરૂ કરી દીધું. પ્રાર્થના કરવાનો દોર ચાલતો હતો અને ત્રીસમા દિવસે પરમાત્મા પ્રગટ થયા અને માણસને લાફો લગાવી દીધો. ભક્તે દુઃખી થતા પૂછ્યું: "પ્રભુજી ઈનામ ના આપો તો કાંઈ નહીં લાફો શું કામ આપો છો? પ્રભુએ કહ્યું :"દોસ્ત લોટરીના એક કરોડ માટે ૩૦ દિવસથી પ્રયત્ન કરે છે, મને પ્રાર્થના કરે છે, પણ મારે તને એક પ્રશ્ન પૂછવો છે - લોટરીની દસ રૂપિયાની ટિકિટ તે લીધી છે ખરી?"

હસવું આવે તેવી આ વાત છે, પણ આપણે બધાં જ આ ભક્ત જેવા છીએ, પ્રભુની કૃપા માંગીએ છીએ પણ પુરુષાર્થ કર્યા વગર. આળસુ બનીને પ્રાર્થના કર્યા પછી ફળ મળશે એવું કેમ માની લેવું? અને ખૂબ પુરુષાર્થ-મહેનત કર્યા પછી સફળતા પ્રાપ્ત થાય છે તેનું મૂલ્ય ક્યારેય જોયું છે ? સમજ્યા છો?

કોઈ પ્રકારના પુરુષાર્થ વગર આપણે માત્ર પ્રશ્નો જ કરે રાખીએ છીએ.અનેગમે તેવી માંગણીઓ કરીને બસ માત્ર કાગારોળ મચાવીએ છીએ. આજે જ નહીં કાયમ આપણો સ્વભાવ રહ્યો છે કે જ્યારે પણ કોઈ મુશ્કેલી આવે ત્યારે ઈશ્વર યાદ આવી જાય.

ખરેખર તો મુશ્કેલી આવે ત્યારે તો બમણા જોરથી મહેનત કરવી જોઈએ ઈશ્વરને પણ આપણો બધો જ સમય મહેનત અને પરિશ્રમમાં જાય એમાં રસ હોય છે, માત્ર બેઠાં-બેઠાં મહેનતથી બચવા માટે છટકબારી શોધવા માટે ઈશ્વરનું નામ લેવા બેસીએ તે તો એને પણ ગમતું નથી. ભગવાનને પણ કંઈક કરી બતાવવાવાળા માણસ માટે પક્ષપાત હોય છે.

પરીક્ષા આવી પેપર સારું નથી ગયું, તો ઈશ્વરની ભક્તિ શરૂ:"હે પ્રભુ નારિયેળ ચઢાવીશ, બસ આ ગણિતમાં નીકાળી દેજો. ઈશ્વર આવી રીતે પ્રાર્થના સાંભળીને ગણિતમાંથી બહાર કાઢતો રહે તો તો શિક્ષણ ક્યાં જઈને અટકે ?

પરિસ્થિતિ અનુકૂળ હોય બધાં જ ગ્રહો સાનુકૂળ હોય અને તમને સફળતા મળે તેમાં શું મજા!

મજા તો ત્યારે છે જ્યારે સામા પૂરે તરીને તમે નદી ઓળંગો, બધી જ પ્રતિકૂળ પરિસ્થિતિઓ હોવા છતાં ઈચ્છિત પરિણામ મેળવી શકો તેમાં જ મજા છે.

ધીરુભાઈ અંબાણીને શિખર પર પહોંચ્યા પછી જે આનંદ મળ્યો હશે,તે મુકેશ અંબાણીને કદાચ નહીં મળે અને આકાશ અંબાણી માટે તો એ આનંદની વ્યાખ્યા સમજવી પણ મુશ્કેલ બની જશે કે પથ્થર ને પાટુ માર્યા પછી દાદાએ જે સામ્રાજ્ય ઊભું કર્યું અને ત્યારબાદ સફળતાનો સ્વાદ ચાખ્યો એની મીઠાશ આકાશના નસીબમાં નથી રહેવાની.

પરિસ્થિતિ બદલવામાં સફળતા નથી મળતી, ત્યારે મનઃસ્થિતિ બદલી દેવામાં જ શાણપણ છે. કારણ કે પરિસ્થિતિ પરાધીન છે.પણ મનઃસ્થિતિ તો સ્વાધીન છે ને! પ્રતિકૂળ પરિસ્થિતિ વચ્ચે પણ સાનુકૂળ મનઃસ્થિતિના માધ્યમથી જ સફળતા મળશે. આજે સમય સામા પૂરે તરવાનો છે, પરિસ્થિતિને બદલી નાખવાનું આપણા હાથમાં નથી તો પરિસ્થિતિને અનુકૂળ મનઃસ્થિતિ બનાવવાનું તો આપણા હાથમાં છે ને, ચાલો પ્રયત્ન કરીએ દુનિયા બદલવાનો નહીં આપણા મનને બદલવાનો.

જિંદગીની દડમજલ થોડી અધૂરી રાખવી,
ચાલવું સાબિત કદમ, થોડી સબૂરી રાખવી.
જીવવું છે, ઝૂરવું છે,ઝૂઝવું છે જાનેમન !
થોડી અદાઓ ફાંકડી,થોડી ફિતૂરી રાખવી.
જોઈ લેવું આપણે,જોનારને પણ છૂટ છે;
આંખને આકાશના જેવી જ ભૂરી રાખવી.
ભાનભૂલી વેદનાઓને વલૂરી નાખવી;
જ્વાલા ભલે ભડકી જતી, દિલમાં ઢબૂરી રાખવી.
જામમાં રેડાય તેને પી જવાનું હોય છે,
ઘૂંટડે ને ઘૂંટડે તાસીર તૂરી રાખવી.
કેફીઓના કાફલા વચ્ચે જ જીવી જાણવું,
થોડુંક રહેવું ઘેનમાં, થોડીક ઘૂરી રાખવી.

શ્રી વેણીભાઈ પુરોહિતનું આ કાવ્ય ઘણાં બધાં રંગોનું મેઘધનુષ્ય છે. આ પ્રતિપળ સંગ્રામનું નામ જ જીવન છે. અને હરદમ સંઘર્ષ જ આપણી નિયતી છે,તે વહેલી તકે સમજી લેવાની આવશ્યકતા છે. રોદણાં રોવાથી ક્યારેય કોઈ કાંઈ પામ્યું નથી,માત્ર હાંસી જ થઈ છે. આપણા દુઃખને હસી નાખીને નવા સંઘર્ષો માટે ઈશ્વર પાસે શક્તિ માંગનારા જ ઈશ્વરના ચહિતા બની શકે છે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# બ્રુસ લીની ડાયરીના પાને જડેલા જાનદાર વિચારો

‘જબ હૌંસલા બના હી લીયા ઉડને કા,
ફીર દેખના ફિઝુલ હૈ કદ આસમાં કા’

જ્યારે શરીર અને મન બન્નેની સજ્જતા અને સંકલન મજબુત હોય ત્યારે જ જીવન સજીવન થતું હોય છે. માણસનું મન અજીબ છે. એમાં વિચારોનું ધમાસાણ ટ્વેન્ટી ફોર બાય સેવન મચતુ હોય છે. વિચારો બેલગામ અશ્વો જેવા છે. સતત અવિરત દોડ્યા કરે છે. માણસે એના વિચારો માટે વિચારવાના સમય કાઢવો જોઈએ. વિચારોનું પૃથક્કરણ અને મૂલ્યાંકનની સમજ કેળવાય તો મોટાભાગની સમસ્યાઓનો અંત આવી જાય. વૈચારિક પરિપક્વતાની પ્રથમ શરત તંદુરસ્ત શરીર છે. જ્યારે માનસિક અને શારીરિક સજ્જતાની વાત આવે ત્યારે માનસપટ ઉપર બ્રુસ લીનું નામ ઉભરી આવે. આ એક એવું જાનદાર અને શાનદાર વ્યક્તિત્વ હતું કે, એણે દુનિયાને અનેક નવા પરિમાણોની ભેટ આપી. બ્રુસ લીની વૈચારિક તાકાતની વાત કરીએ એ પહેલાં એની કેટલીક રોચક વાતોમાં જગતને આજે પણ રસ પડે છે એવી વાતોને ખોલીએ.

વર્ષ ૧૯૪૦ની ૨૭મી નવેમ્બરે સેન ફ્રાન્સિસ્કોમાં ચાઈના ટાઉનની એક હોસ્પિટલમાં ગ્રેસ હોના પેટે અવતરેલા બાળકનું બ્રુસ નામ અમેરિકન નર્સ દ્વારા સૂચવવામાં આવેલું. પિતા હોઈ ચ્યુએન અને માતા ગ્રેસ હોને બ્રુસ નામ ગમ્યું અને એ જ નામે એમના બાળકને બોલાવવા લાગ્યા. બ્રુસ ત્રણ મહિનાનો થયો ત્યારે માતા-પિતા તેને લઈને હોંક કોંગ આવી ગયા હતા. એટલે જ બ્રુસલીની નાગરિકતા સંદર્ભે વિશ્વમાં અલગ અલગ મંત્ય છે. હોંગ કોંગ, અમેરિકા અને ચાઈના એમ ત્રણ નાગરિકતામાં અસમંજસ સદાય રહી છે. એનુ એકેડેમિક શિક્ષણ નોંધનીય ન હતું. હોંગ કોંગમાં શાળાકીય મુક્કાબાજી મુકાબલા ચેમ્પિયન અને ૧૦૦ ડોલર સાથે બ્રુસ-લી ૧૮ વર્ષની ઉંમરે અમેરિકા પાછો આવી ગયો. ત્યાં એણે હાઈસ્કૂલ અને કૉલેજનો અભ્યાસ પૂરો કર્યો.

બ્રુસ લીના ત્રણ ચાઈનીઝ નામ હતા. લી યુઆન જિન, લી યુએન કામ અને લી સિઉ લૂંગ. બ્રુસ-લીના પિતા હોઈ-યુએન કેનેટોની ઓપેરાના પ્રસિદ્ધ અદાકાર હતા. પિતાના કારણે બ્રુસ-લી ખૂબ નાની વયે ફિલ્મોમાં કામ કરવા લાગ્યો હતો. ૧૮ વર્ષનો થયો ત્યાં સુધીમાં તો એણે વીસ જેટલી ફિલ્મોમાં અભિનય આપ્યો હતો. આ પણ એક રેકોર્ડ બ્રુસલીના નામે દર્જ થયેલો છે. એને કવિતા લખવાનો શોખ હતો. જ્યારે એ ૧૩ વર્ષનો હતો ત્યારે ગ્રાન્ડ માસ્ટરનો ખીતાબ જીત્યો હતો. બ્રુસ લીને ફિલ્મો એન્ટર ધ ડ્રેગન અને ફિસ્ટ ઓફ ફ્યુરીમાં એક સંસ્ટમેન તરીકે જેકી ચેને એની કેરિયર શરૂ કરી હતી. એ જમાનાના ‘ચા-ચા’ ડાન્સ ખૂબ પ્રચલિત હતો. બ્રુસ લીએ વર્ષ ૧૯૫૮માં ચા-ચા ચેમ્પિયનશીપનો ખિતાબ પણ મેળવ્યો હતો. બ્રુસ લીની ફિલ્મો એ જમાનામાં ટંકશાળ પાડતી. કહે છે કે, એ જમાનામાં એની ફિલ્મોનો એવો જબજસ્ત ક્રેઝ હતો કે, ફિલ્મોનું કલેકશન આવતું હતું એ પૈસા ટ્રકમાં ભરીને લઈ જવામાં આવતા હતા.



કુશળ માર્શલ આર્ટીસ્ટ અને સફળ અભિનેતા તરીકે જગતભરમાં પ્રસિદ્ધ બ્રુસ લી માત્ર ૩૨ વર્ષની યુવાન વયે મૃત્યુ પામ્યા. એમ કહેવાય છે કે, બ્રુસ લી માર્શલ આર્ટીસ્ટ અને લોકપ્રિય અદાકાર ઉપરાંત એક ગહન ચિંતક હતા. ત્રણ દાયકાના જીવનમાં બ્રુસ લીએ નામ, કામ અને ધન કરતા ક્યાંય વધારે વૈચારિક મૂલ્યોપ્રસ્થાપિત કર્યા છે. બ્રુસ લી હંમેશા કહેતા કે, એક બુદ્ધિશાળી વ્યક્તિ એક મૂર્ખના પ્રશ્નોથી ઘણું શીખી શકે છે. જ્યારે એક મૂર્ખ બુદ્ધિમાનના જવાબથી કશુપ્રાપ્ત કરી શકતો નથી. દેખાડો કરવો એ સૌથી મોટો મૂર્ખતાપૂર્ણ વિચાર છે. એમના મતે વિચારવામાં સમય વ્યતિત કરવા કરતા વિચારના અમલમાં ત્વરા હોવી જોઈએ તો સફળ થઈ શકાય. એમણે એક ઈન્ટર્વ્યૂમાં જણાવ્યું હતું કે, ‘હું એવા વ્યક્તિથી ક્યારેય નથી ડર્યો કે જેણે એક હજાર કીકની પ્રેક્ટિસ કરી હોય પરંતુ એવા વ્યક્તિથી સદાય સજાગ રહું છું જેણે એક કીકની એક હજાર વાર પ્રેક્ટિસ કરી હોય.’

લીએ હંમેશા ફિલોસોફીને રોજિંદા જીવનથી અવિભાજ્ય અંગ તરીકે જોયું. તેણે મનને શરીરથી અવિભાજ્ય હોવાની સમજ સતર્કતાપૂર્વક કેળવી છે. તેમના સખત શારીરિક વર્કઆઉટ સાથે લીએ ફિલોસોફિકલ ચિંતનનુ ડાયરીમાં ડોક્યુમેન્ટેશન કર્યું છે. આ વાત એમણે એમના સમગ્ર જીવનકાળ અમલમાં મુકી છે. ઓલિવર સૅક્સ જેમ, દરેક જગ્યાએ લી નોટબુક લઈને જ જતા હતા. હંમેશા તેમની સાથે એક નાનકડી ૨×૩? પોકેટબુક લી રાખતા હતા. જેમાં તેમણે તાલીમના નિયમોથી લઈને ચક નોરિસ અને સ્ટીવ મેક્વીન જેવા તાલીમાર્થીઓ સહિત તેમના વિદ્યાર્થીઓના ફોન નંબરો જેવી વિગતો પણ લખી છે. કવિતાઓ, સમર્થન અને ફિલોસોફિકલ ચિંતન એમના લખાણોમાં જોવા મળતું. ડાયરીના નાના પાનામાં આવે એ રીતે કાળજીપૂર્વક સુઘડ રીતે લખાયેલી ડાયરી લીની વૈચારિક સમૃધ્ધિ અને એમના જાગૃત ચિંતનનો સુપેરે ખ્યાલ આપે છે. લીની ડાયરીના એક પાને વિલ પાવર ઉપરની એમના વિચારો જોવા મળે છે. લી લખે છે કે, ‘મારા મનના અન્ય તમામ વિભાગો પર ઈચ્છાશક્તિની સર્વોચ્ચ અદાલત છે તે સ્વીકારીને, જ્યારે મને કોઈપણ હેતુ માટે પગલાં લેવાની આવશ્યકતા હોય ત્યારે હું દરરોજ તેનો ઉપયોગ કરીશ. હું દરરોજ ઓછામાં ઓછું એકવાર મારી ઈચ્છાશક્તિને અમલમાં લાવવા માટેની આદત બનાવીશ.’



**આત્મનાદ**
**પુલક ત્રિવેદી**
pulak63@gmail.com

લાગણી વિષે લી લખે છે કે, ‘મારી લાગણીઓ સકારાત્મક અને નકારાત્મક બંને છે તે સમજીને હું દરરોજની આદતો કેળવીશ. એનાથી હકારાત્મક લાગણીઓનો વિકાસ પ્રોત્સાહિત થશે. નકારાત્મક લાગણીઓને કોઈક ઉપયોગી ક્રિયામાં રૂપાંતરિત કરવામાં મને આ પ્રવૃત્તિ મદદ કરશે. મારી સકારાત્મક અને નકારાત્મક લાગણીઓ બંને જોખમી હોઈ શકે છે જો આને નિયંત્રિત ન કરવામાં આવે અને ઈચ્છનીય હેતુઓ સુધી માર્ગદર્શન આપવામાં ન આવે તો હું મારી બધી ઈચ્છાઓ, ઉદ્દેશ્યો અને હેતુઓ મારા તર્કશાસ્ત્રને સોંપી દઈશ, જેનાથી અભિવ્યક્તિમાં મને માર્ગદર્શન મળી શકશે. મારી ઈચ્છાઓની પ્રાપ્તિ માટે યોગ્ય યોજનાઓ અને વિચારોની જરૂરિયાતને ઓળખીને, હું મારી યોજનાઓની રચનામાં મદદ માટે દરરોજ તેને બોલાવીને મારી કલ્પનાઓને વિકસાવવાનો જાગૃત પ્રયાસ કરીશ. એલર્ટ મેમરીના મૂલ્યને ઓળખીને, હું જે વિચારોને યાદ કરવા ઈચ્છું છું તે તમામ વિચારોથી તેને સ્પષ્ટપણે પ્રભાવિત કરવાની કાળજી લઈને તે વિચારોને સંબંધિત વિષયો સાથે સાંકળીને, જેને હું વારંવાર મનમાં બોલાવી શકું છું, તેને હું સાવચેત થવા માટે પ્રોત્સાહિત કરીશ.’

અર્ધજાગ્રત મન અંગે લી કહે છે કે, ‘મારી ઈચ્છાશક્તિ પર મારા અર્ધજાગ્રત મનના પ્રભાવને ઓળખીને, હું તેને મારા જીવનના સ્પષ્ટ હેતુ અને મારા મુખ્ય હેતુ તરફ દોરી જતા તમામ નાના હેતુઓનું સ્પષ્ટ અને નિશ્ચિત ચિત્ર રજૂ કરવાની કાળજી લઈશ. હું આ ચિત્રને સતત મારી સામે રાખીશ. મારી લાગણીઓ તેમના અતિ-ઉત્સાહમાં વારંવાર ભૂલ કરે છે. મારી તર્કશક્તિ ઘણીવાર લાગણીની ઉષ્મા વિનાની હોય છે. મને મારા નિર્ણયોમાં ન્યાય સાથે દયાને જોડવા જરૂરીયાત લાગી છે. હું મારા અંતરાત્માને મને માર્ગદર્શન આપવા પ્રોત્સાહિત કરીશ કે શું ? મેં આપેલા ચુકાદાઓને હું ક્યારેય બાજુ પર રાખીશ નહીં, પછી ભલેને તેને અમલમાં મૂકવાની ગમે તે કિંમત ચુકવવી પડવાની હોય.’

‘હું જાણું છું કે, મારી પાસે જીવનમાં મારા નિશ્ચિત હેતુને હાંસલ કરવાની ક્ષમતા છે. તેથી હું મારી જાતને તેની પ્રાપ્તિ માટે સતત પ્રયત્નશીલ રહેવા માંગુ છુ. હું આમ કરવાનું મારી જાતને વચન આપું છું. મને ખ્યાલ છે કે મારા મનના વર્ચસ્વ ધરાવતા વિચારો આખરે પોતાને બાહ્ય, શારીરિક ક્રિયામાં પ્રભાવ ઉભો કરશે અને ધીમે ધીમે પોતાને ભૌતિક વાસ્તવિકતામાં પરિવર્તિત કરશે. એટલા માટે હું જેવો બનવાનો ઈરાદો રાખું છું તેના વિશે રોજ ૩૦ મિનિટ માટે મારા વિચારોને કેન્દ્રિત કરીશ. આના પરિણામે મારા મગજમાં એક સ્પષ્ટ માનસિક ચિત્ર ઊભું થાય છે. મારામાં આત્મવિશ્વાસ વધારવા માટે હું રોજ દસ મિનિટ ફાળવિશ. મેં મારા જીવનના ચોક્કસ મુખ્ય લક્ષ્યનું વર્ણન સ્પષ્ટપણે લખી દીધું છે, અને જ્યાં સુધી હું તેની પ્રાપ્તિ માટે પૂરતો આત્મવિશ્વાસ વિકસાવીશ નહીં ત્યાં સુધી હું ક્યારેય પ્રયાસ કરવાનું છોડીશ નહીં.’

મનની અને તનની અમાપ શક્તિઓને ઢંઢોળીને સજાવવાની ક્ષમતા બધામાં હોય છે. બ્રુસ-લી, મોહમ્મદ અલી, દારાસિંહ જેવા શક્તિશાળી અને અદભુત શરીર સૌષ્ઠવધારી લોકોની વૈચારિક પુષ્ઠભૂમિમાં વિહરવા જેવું છે. આવા લોકોના જીવન અને કવન ઉપરથી એક વાત તો ચોક્કસ સમજી શકાય કે, એક તંદુરસ્ત શરીરમાં વિચારશીલ મન વધુ મુક્ત બની ખીલી ઊઠતું હોય છે. આ લોકો જીવનની પ્રત્યેક પળને મોજથી જીવીને પળેપળને પારિજાતના પુષ્પોની ખુશ્બુથી મહેકાવી દેતા હોય છે.

**ધબકાર :**

**‘સ્વીકાર કરવાની હિંમત હોય તો દરેક ભૂલો માફી આપવા લાયક હોય છે’**

**- બ્રુસ-લી**